CITY પલ્સ

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬



## બહુ ઓછા ટુરિસ્ટ હોય તેવી જગ્યા પર બે અલ્ટ્રા લક્ઝ્યુરિયસ ટૂર કરી



કોમલ શાહની ફેમિલી સુરતની જાણીતી ચાહ મર્ચન્ટ ફેમિલી છે. તેમણે 2023 અને 2024માં અલ્ટ્રા લક્ઝ્યુરિયસ ટ્રીપ કરી હતી. તેમણે જણાવ્યું કે, અમારે એવી ટ્રીપ કરવી હતી જ્યાં ટુરિસ્ટ નહિવત હોય. તો કોવિડ પછી 2023માં અમે ફ્રાન્સના બે પ્રોવિન્સની ટ્રીપ કરી હતી. અહીં બહુ ઓછા ટુરિસ્ટ જોવા મળે છે. ત્યાં માઉન્ટ ટોપ હોટલ (સ્મોલ લકઝરી હોટલ્સ ઓફ ધ વર્લ્ડ) માં સ્ટે કર્યું હતું. સાઉથ ઓફ ફ્રાન્સમાં કાન, સેન્ટ ટ્રોપાઝ, મોન્ટે કાર્લો ગયા હતા. સેન્ટ ટ્રોપાઝમાં હોટલના રેસ્ટોરન્ટમાંથી F-1 કાર રેસિંગ જોઈ હતી જે યુનિક એક્સપિરિયન્સ હતો. મોન્ટે કાર્લો કેસીનો અને લક્ઝ્યુરિયસ શોપિંગ માટે જાણીતું છે. મિશલીન સ્ટાર રેસ્ટોરન્ટમાં લંચ લીધું હતું. 2024માં અમારી 10મી મેરેજ એનિવર્સરી પર સ્વિત્ઝર્લેન્ડના સેન્ટ મોરિટ્ઝની ટૂર પ્લાન કરી હતી. અહીં માઉન્ટ વ્યુ પોઇન્ટ પરથી સેન્ટ મોરિટ્ઝનો આખો વ્યુ જોયો હતો. સ્ટ્રીટ લક્ઝ્યુરિયસ શોપિંગ કરી હતી. બીજા દિવસે મેરેજ એનિવર્સરી હતી તો ઈવેન્ટ પ્લાનર દ્વારા હોર્સ ચેરીએટ બુક કરી હતી જેને ફરથી સજાવી હતી. સ્નો ફૉલ થતો હોવાથી જગ્યા એકદમ સિનિક લાગતી હતી. ત્યાં બરફથી જામી ગયેલા લેજ માર્ચ લેકની ઉપર ટેબલ સેટઅપ કરાયું હતું. મારા હસબન્ડે મને ત્યાં ફોટોશૂટ સાથે ફરી પ્રપોઝ કર્યું હતું. સાઉથ ઓફ સ્પેન, સાઉથ ઓફ ફ્રાન્સ પણ ફર્યા હતા. ટપાસ લક્ઝ્યુરિયસ ટુર કરી હતી. જેમાં સ્ટ્રીટ પર ચાલતા ચાલતા લક્ઝ્યુરિયસ શોપિંગનો અનુભવ લીધો હતો.

### સુરતના યંગ એલીટની નિરાળી ટ્રાવેલ સ્ટાઇલ

# એક્સક્લુઝિવ લોકેશન્સ, અલ્ટ્રા લક્ઝુરિયસ અને સુપર પર્સનલાઇઝ્ડ ટ્રીપ્સ

**સુરતમાં એવા લોકો પણ છે જેમની પાસે પુષ્કળ પૈસો છે પણ તેમની લાઈફ સતત વ્યસ્ત છે. બિઝનેસને કારણે તેઓ પોતાની વાઈફ કે ફેમિલી સાથે પર્સનલ ટાઈમ સ્પેન્ડ નથી કરી શકતા. તેઓને શાંતિની તલાશ હોય છે ભાગદોડથી દુર એવી લાઈફ જીવવાની ઈચ્છા હોય છે જ્યાં તેઓને બધી ફેસીલીટી એક જ જગ્યા પર મળી જાય. બસ આ જ કારણોથી હવે અલ્ટ્રા લક્ઝ્યુરિયસ અને એક્સલુઝીવ ટ્રીપનો ટ્રેન્ડ આવ્યો છે. એવો આઇલેન્ડ કે એવો વીલા રેન્ટ પર લેવો જે સિક્લુડેડ તથા લેવિશ હોય છે. અતિ-કમર્શિયલાઈઝ્ડ ટુરિસ્ટ-ટ્રેપ્સને બદલે શહેરનો આ અગ્રવર્ગ ચુનંદા પ્રાઇવેટ ડેસ્ટિનેશન્સ પર રજા ગાળવું પસંદ કરે છે. જ્યાં જઈ માત્ર રિલેક્સ કરવું છે. બધી ફેસિલિટી તેમને પ્રાઇવેટ ટાપુ, રિસોર્ટ કે વિલામાં જ પ્રોવાઇડ કરાતી હોય. તો ચાલો આપણે આવી ટ્રીપ્સ વિશે જાણીએ....**



## પ્રેગ્નેન્સીના ન્યૂઝ મળતા રિલેક્સિંગ ટ્રીપ જોઈતી હતી



હેની હર્ષ ગોંડલીયાને ગત જુલાઈ મહિનામાં એમના પ્રેગ્નેન્સીના ન્યૂઝ મળ્યા હતા ત્યારે તેમને રિલેક્સિંગ ટ્રીપ કરવી હતી તો તેઓ હસબન્ડ વાઈફે તેમના બે કપલ ફ્રેન્ડ્સ સાથે સ્વિત્ઝર્લેન્ડની 15 દિવસની ટ્રીપ કરી હતી. તેઓ ત્યાં બર્ન, જિનીવા, મોંટ્રો, ઝેરમેટ, લ્યુસર્ન, ઝુરિચ અને ઈન્ટરલાકેન ફર્યા હતા. હેની ગોંડલીયાએ જણાવ્યું કે, હાલ તેઓ હોમમેકર છે. તેમણે જણાવ્યું કે, અહીં અમે બે જગ્યા પર પ્રાઈવેટ વીલા બુક કરાવ્યો હતો જ્યાંથી માઉન્ટેન, લેક (તળાવો) આ બધું જોવાની બહુ મજા આવી જાય. અમે હોટેલના રૂમની બહારથી સુંદર કુદરતી દ્રશ્યો જોવાની મજા લેતા. લેક પાસે આઈસ્ક્રીમ ખાતા બેઠા રહેતા. ત્યાં લેકનું પાણી એકદમ ક્રિસ્ટલ જેવું ચોખ્ખું એટલે એમાં સ્વિમિંગ કરવાની બહુ મજા આવતી. ત્યાં નહીં ગરમી, નહીં ઠંડી લાગે, નહીં વરસાદ પડે એકદમ પ્લેઝન્ટ વેધર જે અહીં સુરતમાં મળવું મુશ્કેલ છે. અહીં મોંટ્રોમાં ગ્લેશિયર જોવા ગયા હતા. ખરેખર લક્ઝ્યુરિયસ ફીલિંગ આવતી હતી. લક્ઝરીયસ એક્સ્કલુઝીવ પ્રાઈવેટ વિલામાં કોઈ શોરબકોર કે ડિસ્ટર્બન્સ નહીં હોવાના કારણે મને આ ટ્રીપમાં ખરેખર એકદમ રિલેક્સ થઈ ગઈ હતી.



## સુરતના પ્રીમિયમ લોકો પર્સનલ શોપિંગ એક્સપિરિયન્સ માટે U.K.જાય છે

ટ્રાવેલ પત્રકાર તરીકેની ઓળખ ધરાવતા શીખા શાહે જણાવ્યું કે હવે લકઝરીની વ્યાખ્યા બદલાઈ છે. હવે લકઝરી એટલે પ્રાઈવસી થઈ ગયું છે. લક્ઝરી એટલે જ્યાં તમને પ્રાઈવેટ વિલામાં મસાજની ફેસિલિટી, પર્સનલ યોગા કલાસ, અને લક્ઝ્યુરિયસ ફીલિંગ મળે છે. જ્યાં આજુબાજુ ક્રાઉડ નથી તમારો રિસોર્ટ તમારો પ્રાઈવેટ અને એક્સ્કલુઝીવ છે . જ્યાં ફૂડ પણ તમને વિલામાં સર્વ કરાય. અહીં તમારે માત્ર રિલેક્સિંગ ટાઈમ સ્પેન્ડ કરવાનો છે. ગ્રીસ અલ્ટ્રા લક્ઝ્યુરિયસ ડેસ્ટિનેશન છે, જાપાનનો પણ એમાં સમાવેશ થાય છે. આપણી લાઇફ બહુ વ્યસ્ત અને હેકટિક છે. તો પ્રીમિયમ લોકો માલદીવમાં માત્ર પોતાની જ ફેમિલીને મળે તેવા પ્રાઈવેટ આઈલેન્ડ રેન્ટથી લે છે. સુરતમાં બહુ એવા લોકો છે જે આર્થિક રીતે ઘણા સધ્ધર છે. તેઓને એવી જગ્યાઓ પર જવું છે જ્યાં મિશલીન સ્ટાર રેસ્ટોરન્ટ છે ત્યાંના ફૂડ માટે પુષ્કળ પૈસો ખર્ચ કરી લક્ઝ્યુરિયસ ફીલિંગ મેળવે છે. હવે તો પર્સનલ શેફને સાથે લઈ જવાનો પણ ટ્રેન્ડ છે. U.K.માં લંડનમાં પર્સનલ શોપર્સનો સુરતીઓમાં ટ્રેન્ડ છે. સુરતીઓ આવા પર્સનલ શોપિંગનો અનુભવ લેવા જાય છે. અહીં તમને સ્ટાઈલિશ પર્સનલ શોપર મળે જે તમારી સ્ટાઇલ તમારા ટેસ્ટ પ્રમાણેનું સજેસ્ટ કરે.

## મૉલદીવ્ઝમાં પ્રાઇવેટ ટાપુ પર રહ્યા, સેશેલ્સમાં 100-100 વર્ષના કાચબાને ફિડિંગ કરાવ્યું



શ્રુષ્ટિ વઘાસિયાએ જણાવ્યું કે, હું મારા હસબન્ડ સ્મિતના ટેક્સટાઈલના બિઝનેસમાં હેલ્પ કરું છું. અહીં સુરતમાં સતત બિઝી લાઈફ અને બિઝનેસને કારણે ફોન રણકયા જ કરતો હોય એટલે અમને પ્રાઈવસી જોઈતી હતી. તો અમને અમારા ટ્રાવેલ એજન્ટે મૉલદીવ્ઝ અને સેશેલ્સની લક્ઝ્યુરિયસ પ્રાઈવેટ ટ્રીપ કરવાનું સજેશન આપ્યું હતું. પહેલા અમે 7 દિવસની મૉલદીવ્ઝની ટ્રીપ કરી હતી પછીના ચાર મહિના બાદ સેશેલ્સની 7 દિવસની ટ્રીપ કરી હતી. જ્યાં અમે અમારો લિઝર ટાઈમ સ્પેન્ડ કરી રિફ્રેશ થયા હતાં. અમે સેશેલ્સમાં જંગલની વચ્ચેના સેન્ચ્યુરી વિલામાં રહ્યા હતા. જ્યાં આજુબાજુ મોટા મોટા ગ્રેનાઇટના પથ્થર હતા. ત્યાં અમે 100-100 વર્ષની ઉમરના કાચબાને ફીડ કરાવવાનો અને હાઈકિંગનો એક્સપિરિયન્સ કર્યો હતો. મૉલદીવ્ઝમાં એક ટાપુ પર માત્ર 7 જ વિલા છે તેમાંના એક વિલામાં અમે રહ્યા હતા ત્યારે ખરેખર લક્ઝ્યુરિયસ ફીલિંગ આવી હતી. અહિં અમે વોટર એક્ટિવિટી કરી હતી. એક ટ્રીપ અમે ગયા વર્ષે મોરેશિયસની કરી જે ફેમિલી સાથેની હતી. જ્યાં જ્યાં અમે રિસોર્ટમાં રહ્યા ત્યાં બધે જ પાણીપુરી ખાવા મળી હતી.

## સોશ્યલ મીડિયાને કારણે લક્ઝ્યુરિયસ ટ્રીપનો ટ્રેન્ડ આવ્યો



ટ્રાવેલ પ્લાનર શેમલ શાહે જણાવ્યું કે, કોવિડ પછી અલ્ટ્રા લક્ઝ્યુરિયસ ટ્રીપનો ટ્રેન્ડ આવ્યો છે. સોશ્યલ મીડિયાની એક્સ્ટ્રા ઓર્ડિનરી પ્લેસીસની રીલ્સ જોઈને પણ એક્સલુઝીવ ટ્રાવેલિંગ વધ્યું છે. જો આવી ટ્રીપ એશિયામાં કરવાની હોય તો તે 10થી 12 દિવસની હોય. આવી ટ્રીપમાં તમને રેગ્યુલર એરલાઈન્સમાં ટ્રાવેલ ના કરી પ્રીમિયમ વેહિકલમાં ટ્રાવેલ કરવું હોય, એક્સલુઝીવ હોટલમાં સ્ટે કરવું હોય તો પ્રતિ વ્યક્તિ 2થી 2.5 લાખનો ખર્ચ થઈ જાય. સ્કેન્ડિનેવિયાન કન્ટ્રીઝની 8થી 10 દિવસની ટ્રીપ હોય. સુરતના આર્થિક રીતે ખાસ્સા સંપન્ન લોકો નોર્મલ ટૂર કરી ચુક્યા હોય તેમને આવી ટ્રીપ જોઈતી હોય. તેઓ વર્ષમાં ત્રણ જેટલી ટ્રીપ પ્લાન કરતા હોય. હવે તો કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, વિયેતનામની અમુક એક્સપ્લોર ના થઈ હોય તેવી જગ્યાઓ પર આવી ટ્રીપ પ્લાન કરાતી હોય છે.

CREATIVE માઈન્ડ્સ

# આ ફટાકડા ફૂટશે નહીં, છોડ બનીને ખીલશે

દિવાળી એટલે રોશની, રંગોળી, મીઠાઈઓ અને ફટકડાનો તહેવાર. ફટાકડા ફોડવાની મજા તો બહુ આવતી હોય છે પણ તે પર્યાવરણને નુકસાન પણ કરે છે એ પણ સાચુ છે ને! તમે એવા ફટાકડા જોયા છે જેને સળગાવવાના નથી કે ફોડવાના નથી. હવે તમે કન્ફ્યુઝ થઈ ગયા ને! તમે વિચારમાં પડી ગયા હશો કે ફટાકડા તો ફોડવા માટે જ હોય પણ ના અમે તમારી સમક્ષ એવા ફટાકડાની વાત કરવા જઈ રહ્યા છે જે ઈકો ફ્રેન્ડલી છે. દેખાય તો અદ્દલ ફટાકડા જેવા જ છે પણ તે તમારા ઘરની બાલ્કનીને ફુલોથી, શાકભાજીઓથી, ફ્રૂટ્સથી સજાવી દેશે. મીઠાઈના બોક્સ અને મીઠાઈઓ પણ તમારા ઘરની બાલ્કની, ટેરેસને ગ્રીન ઝોનમાં ફેરવી દેશે. તો ચાલો આ કેવા પ્રકારના ફટાકડા, મીઠાઈઓ અને મીઠાઈના બોક્સ છે તેના વિશે જાણીએ...




## પ્લાન્ટેબલ સિડ્સ ક્રેકર્સ કેવી રીતે બને છે?

અદલ ફટાકડા જ લાગતા પ્લાનટેબલ સિડ્સ ક્રેકર્સ વેસ્ટ પેપર (રિસાયકલ્ડ કાગળ), માટી અથવા ઓર્ગેનિક સામગ્રીમાંથી બનાવવામાં આવે છે. જો તેને સળગાવશો તો અંદરના બીજ બળી જશે. આ ડમી ફટકડાને 15થી 30 મિનિટ પાણીમાં પલાળી રાખવાના હોય ત્યારબાદ કુંડામાં અથવા બગીચાની ભીની માટીમાં વાવી દેવાના હોય.

## આ ફટાકડાને ફોડવાના નથી પણ તેને વાવી દેવાના



અદલ કોઠી, ચકરી, રોકેટ, સુતળી બોમ્બ જેવા દેખાતા ફટાકડા એવા ફટાકડા છે જેને સળગાવવાના કે ફોડવાના નથી પણ તેને કુંડામાં કે બગીચામાં ભીની માટીમાં વાવી દેવાના છે. પછી રોજ તેમાં થોડું થોડું પાણી નાખો એટલે થોડા દિવસમાં તેમાંથી છોડ ઊગી નીકળશે. આને પ્લાન્ટેબલ સિડ્સ ક્રેકર્સ કે 'બીજ પટાખા' કહેવામાં આવે છે. આ કોઈ ફૂટતા ફટાકડા નથી, પરંતુ પર્યાવરણને નુકસાન ના થાય તે રીતે દિવાળી ઉજવવા માટે બનાવવામાં આવેલા નકલી (ઈકો ફ્રેન્ડલી) ફટાકડા છે. તેમાં અલગ અલગ શાકભાજી, ફૂલોના બીજ છુપાવવામાં આવેલા હોય છે.



## પ્લાન્ટેબલ મિઠાઈ બોક્સમાંથી પણ ઉગે છે છોડ

મીઠાઈના બોક્સ પણ એવા મળવા લાગ્યાં છે કે, બોક્સના અંદરની મીઠાઈઓ ખાઈ લીધા બાદ બોક્સને કચરામાં નથી ફેંકવાનું પણ તેના ટુકડા કરી કુંડા કે બગીચાની ભીની માટીમાં વાવી દેવાથી તેમાંથી છોડ ઊગી નીકળે છે. આ બોક્સ સીડ પેપરમાંથી બને છે. આ કાગળ રિસાયકલ કરેલા વેસ્ટ પેપરમાંથી અથવા કોટન વેસ્ટમાંથી બને છે, જેમાં કપાસિયા, તુલસી, ટામેટા, મરચા, ગલગોટા અને બીજા ફૂલ અને શાકભાજીના બીજ મિક્સ કરવામાં આવે છે. અત્યારે એવો ટ્રેન્ડ છે કે મીઠાઈઓ આવા બોક્સમાં ગીફ્ટ કરવામાં આવતી હોય છે. આ બોક્સ ઝીરો વેસ્ટ બોક્સ છે જે પર્યાવરણના જતનના ઉદ્દેશ્યને સર કરે છે.

### ક્યા ફટકડામાંથી ક્યા છોડ ઉગે?

રોકેટમાંથી કાકડીના વેલા ઉગે છે. સુતળી બોમ્બમાંથી તુલસીના, ફટાકડાની સેર હોય તેમાંથી તાંદળજો, રાઈ, મૂળા, કોઠીમાંથી ડુંગળીના છોડ ઊગી નીકળે છે. આ ફટાકડા પર્યાવરણનું જતન કરે છે. મનુષ્ય, પશુઓ માટે હાનીકારક ધુમાડો નથી ઓકતા. દિવાળી પર આ પ્રકારના પ્લાન્ટેબલ સિડ્સ ક્રેકર્સનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. તે ક્રિએટીવીટીને દર્શાવે છે.



## પ્લાન્ટેબલ સ્વીટ્સ દિવાળીની અનોખી ગિફ્ટ

દેખાવમાં અસલી મીઠાઈ જેવી જ લાગે છે પરંતુ તે ખાવા માટે નહીં પણ માટીમાં છોડ ઉગાડવા માટે બનાવવામાં આવે છે. દિવાળી અને ખાસ પ્રસંગોએ આ સ્વીટ્સ ગિફ્ટિંગનો સુંદર વિકલ્પ છે. તે પણ વેસ્ટ પેપરમાંથી બનાવાય છે. કાજુ કતરી, પેંડા, લાડુ, મોદક જેવા આકારની આ મીઠાઈઓની અંદર અલગ અલગ શાકભાજી કે ફૂલોના બીજ જેમકે, મૂળા, મરચા, રીંગણ, ગલગોટા કે ટમેટાના બીજ હોય છે. કોઈને આવી સ્વીટ્સ ગિફ્ટ આપ્યા બાદ જ્યારે તેમના ઘરે તેમાંથી છોડ ઉગશે ત્યારે તે તમારી યાદ બનીને કાયમ રહેશે.